# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા  સ્થાપિત)


નં. એસજીજીયુ/વહીવટ/૨૦૨૦/૧૭૯૦ તા.૧૫/03/૨૦૨૦

**પરિપત્ર-૨૦૩૦**

સંદર્ભ : (૧) શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરનું તા.૧૫/03/૨૦૨૦ નું જાહેરનામું ક્રમાંક-પરચ-૧૧૨૦૨૦-૧૫૧-વ.૨

(૨) શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરનો તા.૧૫/03/૨૦૨૦ નો પત્ર નં.CRN/102020/15032020/KH-2

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રો/ભવનોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓને જણાવવાનું કોરોના વાયરસ અંગે તકેદારીના ભાગરૂપે રાજ્ય સરકારશ્રીએ લીધેલા પગલા અન્વયે ઉપરોક્ત સંદર્ભ અનુસાર આ યુનિવર્સિટી દ્વારા નીચેના નિર્ણયો લેવામાં આવેલ છે. જેની અમલવારી કરવા અને સંબંધિતોને તેની જાણ કરવા આથી જણાવવામાં આવે છે.

(૧) તા. ૧૬/03/૨૦૨૦ થી તા.૨૯/03/૨૦૨૦ સુધી તમામ કોલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રો/ભવનોમાં શૈક્ષણિક કાર્ય બંદ રહેશે.

(૨) ઉપરોક્ત સમયગાળા દરમિયાન શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક સ્ટાફે રાબેતા મુજબ કાર્યસ્થળ ઉપર હાજર રહેવાનું રહેશે.

(૩) નર્સિંગ અને ઓપ્ટોમેટ્રી અભ્યાસક્રમની લેખિત તથા બી.એસસી. ની યુનિવર્સિટી કક્ષાની પ્રાયોગિક પરીક્ષાઓ (જે હાલ ચાલુ છે તે) રાબેતા મુજબ ચાલુ રહેશે.

(૪) તા.૨૦/03/૨૦૨૦ કે તે પછી થી શરુ થતી તમામ પરીક્ષાઓની જે તારીખો જાહેર થયેલ છે તે પરીક્ષાઓની નવી તારીખો હવે પછી જાહેર કરવામાં આવશે.

(૫) વધુમાં, રાજ્ય સરકારશ્રી તરફથી જે કઈ સુચના જાહેર કરવામાં આવશે તે આ યુનિવર્સિટીને તથા સંલગ્ન કોલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રો અને ભવનોને અસરકરતા રહેશે.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રો/ભવનોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.